# જામનગરમાં ગર્ભસંસ્કાર-ગર્ભવિજ્ઞાન પ્રશિક્ષણ દીક્ષાંત સમારોહ અને રાષ્ટ્રીય સંગોષ્ઠિ યોજાઈ






જામનગર : ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં જામનગરના ચેમ્બર ઓફ કોમર્સ ખાતે ગર્ભ સંસ્કાર - ગર્ભવિજ્ઞાન પ્રશિક્ષણ દીક્ષાંત સમારોહ અને રાષ્ટ્રીય સંગોષ્ઠિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું કે, ભારતની વૈદિક જ્ઞાન પરંપરા, ઋષિ-મુનિઓનું સંશોધન અને પ્રાચીન શાસ્ત્રો માનવજાતના સર્વાંગી વિકાસ માટેનો અમૂલ્ય વારસો છે. વેદ, ઉપનિષદ, ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત તેમજ અન્ય ગ્રંથોમાં સમાયેલ જ્ઞાન આજે પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રાસંગિક અને માર્ગદર્શક છે. આધુનિક વિજ્ઞાન અને પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાનો સમન્વય કરીને સંશોધન કરવામાં આવે તો સમગ્ર વિશ્વને નવી દિશા મળી શકે તેમ છે.

રાજ્યપાલએ ઉમેર્યું હતું કે, ભારતના ઋષિ-મુનિઓએ હજારો વર્ષો પહેલાં માનવજીવનને સુખી, સંસ્કારી અને સંતુલિત બનાવવા માટે વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત જીવનપદ્ધતિ વિકસાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે માત્ર ભૌતિક વિકાસ જ પૂરતો નથી, પરંતુ સારા સંસ્કારો ધરાવતા, ચારિત્ર્યવાન અને જવાબદાર માનવનું નિર્માણ એ જ સાચો વિકાસ છે. ભારતીય સંસ્કૃતિમાં દર્શાવવામાં આવેલા સોળ સંસ્કારોનું મહત્વ સમજાવતાં તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે આધુનિક પ્રગતિની સાથે મૂલ્યઆધારિત શિક્ષણ અને સંસ્કારનું સંવર્ધન અનિવાર્ય છે.

ગર્ભાધાન સંસ્કાર એ એક પવિત્ર સંસ્કાર છે, ભારતીય ઋષિ-મુનિઓએ ગર્ભસંસ્કારને રાષ્ટ્ર નિર્માણનો પાયો ગણાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે સંસ્કારી, ચારિત્ર્યવાન અને જવાબદાર સંતાનના ઘડતર માટે ગર્ભાધાનથી જ યોગ્ય વિચાર, સંસ્કાર અને મૂલ્યઆધારિત જીવનદૃષ્ટિનું સિંચન જરૂરી છે. ભારતીય સંસ્કૃતિમાં વર્ણવાયેલા ગર્ભાધાન, પુંસવન અને સીમંત સંસ્કાર જેવા સંસ્કારોનો હેતુ માત્ર સંતાનનો જન્મ નહી, પરંતુ રાષ્ટ્રસેવા માટે સમર્પિત, સંસ્કારી અને સશક્ત નાગરિકનું નિર્માણ કરવાનો છે.

કૃષિ, પશુપાલન અને ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વભરમાં થઈ રહેલા સતત સંશોધનો અંગે જણાવી રાજ્યપાલએ માનવના સર્વાંગી વિકાસ અને ઉત્તમ ચરિત્રના ઘડતર પર પણ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવા પર ભાર મુક્યો હતો. તેમણે ઉમેર્યું કે માતા માત્ર પરિવાર માટે નહી, પરંતુ રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે જવાબદાર પેઢીનું ઘડતર કરે છે. તેથી ગર્ભાવસ્થા દરમિયાન સકારાત્મક વિચાર, સારા સંસ્કાર અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલી અપનાવવી, એ રાષ્ટ્ર નિર્માણનું મહત્વપૂર્ણ સાધન છે.

ઉત્તમ સમાજ અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે માત્ર ભૌતિક વિકાસ પૂરતો નથી, પરંતુ સંસ્કારી, ચારિત્ર્યવાન અને મૂલ્યનિષ્ઠ માનવનું ઘડતર અનિવાર્ય છે, તેમ જણાવતા રાજ્યપાલએ ઉમેર્યું હતું કે બાળક ઉપદેશ કરતાં વધુ પોતાના પરિવાર, શિક્ષકો અને સમાજના વર્તનમાંથી શીખે છે. તેથી શિક્ષણની સાથે જીવનમૂલ્યો અને સંસ્કારોનું સિંચન પણ ખૂબ જ જરૂરી છે. ભારતીય ઋષિ-મુનિઓએ ગર્ભ સંસ્કારથી લઈને અંતિમ સંસ્કાર સુધીના સોળ સંસ્કારો દ્વારા માનવ જીવનને શ્રેષ્ઠ બનાવવાની વૈજ્ઞાનિક અને મૂલ્યઆધારિત વ્યવસ્થા વિકસાવી હતી, જે આજે પણ એટલી જ પ્રાસંગિક છે.

આ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે,રાજ્યપાલશ્રીનું સમગ્ર જીવન પ્રાકૃતિક કૃષિ, પર્યાવરણ સંરક્ષણ, સ્વસ્થ જીવનશૈલી અને મૂલ્યઆધારિત સમાજના નિર્માણ માટે સમર્પિત રહ્યું છે. તેમના જીવનમૂલ્યો, કાર્યપદ્ધતિ અને લોકકલ્યાણ માટેની અવિરત સેવાઓ સમાજ માટે પ્રેરણાસ્ત્રોત અને અનુસરવા યોગ્ય આદર્શ છે.

ભારતીય સંસ્કૃતિ, આયુર્વેદ, યોગ, ઉપનિષદ અને ગર્ભ સંસ્કાર જેવી પ્રાચીન જ્ઞાન પરંપરાઓને નવી પેઢી સુધી પહોંચાડવી એ સમયની માંગ છે. તેમણે જણાવ્યું હતું કે આધુનિક ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તાના યુગમાં પણ દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક પરંપરાને જાળવી રાખવી જરૂરી છે. તેમણે મહિલાઓની સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં રહેલી મહત્વપૂર્ણ ભૂમિકાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે સંસ્કારી અને સ્વસ્થ પેઢીના ઘડતરમાં માતાની ભૂમિકા સર્વોપરી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાતી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની સાથે સમાજમાં સ્વજાગૃતિ પણ એટલી જ આવશ્યક છે. યોગ, આયુર્વેદ, પંચકર્મ અને ગર્ભ સંસ્કાર જેવી ભારતીય પરંપરાગત પદ્ધતિઓ વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત અને સમગ્ર વિશ્વમાં સ્વીકાર્ય બની રહી છે. જામનગરમાં વિકસિત થઈ રહેલું વિશ્વ આરોગ્ય સંસ્થા નું ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર તથા ભગવાન ધન્વંતરીની પાવન ભૂમિ તરીકેની શહેરની ઓળખ ભારતની પરંપરાગત ચિકિત્સા પદ્ધતિને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવી રહી છે. તેમણે આવા આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે આ પ્રકારના કાર્યક્રમો દ્વારા યુવા પેઢીમાં ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય, યોગ, આયુર્વેદ અને ગર્ભ સંસ્કાર પ્રત્યે જાગૃતિ વધશે તેમજ રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન મળશે. કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે વેદ સૂતિકા કીટ અને પ્રસૂતા કીટનું વિમોચન કરવામાં આવ્યું હતું તથા ગર્ભવિજ્ઞાન અને ગર્ભ સંસ્કારની ટ્રેનિંગ લીધેલા ડોક્ટર્સને રાજ્યપાલશ્રીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં મેયર મોનિકા વ્યાસ, આઈટીઆરએ નિયામક પ્રોફેસર તનુજા નેસારી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના કુલપતિ ટી.એસ.જોષી, ગૌ વિશ્વ વિદ્યાપીઠના કુલપતિ ડૉ.હિતેશ જાની, આયુર્વેદ વ્યાસપીઠના રાષ્ટ્રીય અધ્યક્ષ વૈદ્ય મલ્હાર જોશી, આયુર્વેદ યુનિવર્સિટીના વૈદ્યઓ તથા આયુર્વેદ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# નરેશ પટેલના જન્મદિને ધ્રોલમાં 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ' યોજાયો



ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રણેતા નરેશભાઈ પટેલના જન્મદિન નિમિત્તે સમગ્ર સૌરાષ્ટ્રમાં સેવાના વિવિધ કાર્યો અને રક્તદાન કેમ્પોની સરવાણી વહી રહી છે, ત્યારે ધ્રોલ ખાતે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રણેતા નરેશભાઈ પટેલના જન્મદિવસા મંગલ અવસરે ધ્રોલ ખાતે સેવાના યજ્ઞ સમાન એક વિશાળ રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્દજયોતા ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ' માં રક્તદાતાઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો.

આ લોકઉપયોગી અને માનવતાવાદી કાર્ય માટે જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ તેમજ પટેલ ભાણજી ભીમજી ચેરિટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલના ઉપપ્રમુખ જયેન્દ્રભાઈ રાઘવજીભાઈ પટેલ પરિવારે ખાસ સૌજન્ય પૂરું પાડ્યું હતું.

સવારે ૯ વાગ્યાથી જ રક્તદાતાઓનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો, જે બપોરે ૧ વાગ્યા સુધી સતત ચાલુ રહ્યો હતો. હોસ્પિટલોમાં લોહીની અછત ન સર્જાય અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તેવા શુદ્ધ આશયથી યોજાયેલા આ કેમ્પમાં પાટીદાર સમાજ સહિત તમામ વર્ગના ભાઈ-બહેનો અને ખાસ કરીને યુવાનોએ મોટી સંખ્યામાં આવીને ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.

આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, જામનગર જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ નવલભાઈ મુંગરા, ધ્રોલ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ સુરેશ ગોસાઈ, ધ્રોલ તાલુકા સંગઠન પ્રમુખ પ્રદિપસિંહ જાડેજા, દિનેશભાઈ દોંગા ખોડલધામ ટ્રસ્ટ જામનગર, ધ્રોલ તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવિણભાઈ લીબાસીયા, મહામંત્રી મહેશભાઈ ચીખલીયા, મહેશભાઈ સોરઠીયા ઉદ્યોગપતિ, રસીકભાઈ ભંડેરી, મનસુખભાઈ ચભાડીયા, વિજય સોજીત્રા, વિજયભાઈ મુંગરા સહિતના રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# જામનગરની કો.કો. બેન્કના ચેરમેનપદે પરાગભાઈ શાહ, વાઈસ ચેરમેનપદે મિતેશભાઈ લાલ



જામનગર : ધી કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લિ., જામનગરના ચેરમેનપદે શહેરના અગ્રણી બિલ્ડર પરાગભાઈ ગુલાબચંદ શાહ તથા વાઈસ ચેરમેનપદે યુવા ઉદ્યોગપતિ મિતેશભાઈ લાલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

બેન્કના બે મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ પર શહેરના પ્રતિષ્ઠિત અગ્રણીઓની વરણી થતાં વેપારી, ઔદ્યોગિક, બિલ્ડર અને સામાજિક વર્તુળોમાં આનંદની લાગણી પ્રસરી છે

પરાગભાઈ ગુલાબચંદ શાહ બાંધકામ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા અગ્રણી બિલ્ડર તરીકે ઓળખાય છે. તેમના વ્યવસાયિક અનુભવ, સંચાલનક્ષમતા અને માર્ગદર્શનનો લાભ બેન્કની પ્રગતિ અને ભાવિ આયોજનમાં મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે

વાઈસ ચેરમેનપદે વરાયેલા મિતેશભાઈ લાલ યુવા ઉદ્યોગપતિ તરીકે શહેરમાં આગવી ઓળખ ધરાવે છે. તેમની કાર્યદક્ષતા, યુવા દૃષ્ટિકોણ અને વ્યવસાયિક સૂઝ બેન્કની ગ્રાહકલક્ષી સેવાઓને વધુ અસરકારક અને સુદૃઢ બનાવવામાં ઉપયોગી સાબિત થશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે. બંને પદાધિકારીઓના સંયુક્ત નેતૃત્વ હેઠળ ધી કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક વિકાસના નવા સોપાનો સર કરશે અને ગ્રાહકોને વધુ સારી બેન્કિંગ સેવાઓ ઉપલબ્ધ બનશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

પરાગભાઈ ગુલાબચંદ શાહને ચેરમેન તથા મિતેશભાઈ લાલને વાઈસ ચેરમેન તરીકે જવાબદારી મળવા બદલ શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, મિત્રો અને શુભેચ્છકો દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# જામનગરમાં ક્રિસ્ટલ મોલ નજીક થયેલા હત્યાના પ્રયાસના કેસમાં મુખ્ય આરોપીના જામીન નામંજૂર

જામનગર : જામનગર શહેરમાં તા. ૧૧ મે, ૨૦૨૬ના રોજ ક્રિસ્ટલ મોલ નજીક બે યુવાનો પર જીવલેણ હથિયારો વડે હુમલો કરી હત્યાનો પ્રયાસ કરવાના ચકચારી કેસમાં મુખ્ય આરોપી અર્જુનસિંહ નટુભા ચુડાસમા દ્વારા કરવામાં આવેલી નિયમિત જામીન અરજીને જામનગર સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા પુરાવા, કેસની ગંભીરતા અને તપાસ દરમિયાન સામે આવેલા તથ્યોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને જામીન પર મુક્ત કરવાની અરજી ફગાવી દીધી હતી.

કેસની વિગતો મુજબ, તા. ૧૨ મે, ૨૦૨૬ની મધરાત્રિ દરમિયાન જામનગરના ક્રિસ્ટલ મોલ નજીક આવેલા શિવમ હોસ્પિટલ પાસે ફરિયાદી જયરાજસિંહ તથા મહાવીરસિંહ પર ચાર શખ્સોએ ઘાતકી હથિયારો વડે હુમલો કર્યો હતો. હુમલામાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલા હથિયારો સહિતના મહત્વના પુરાવાઓ કબજે કરવામાં આવ્યા હતા અને અર્જુનસિંહ નટુભા ચુડાસમા સહિત અન્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપી અર્જુનસિંહ નટુભા ચુડાસમાએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જોકે, સરકારી પક્ષ દ્વારા કેસની ગંભીરતા, આરોપીની ભૂમિકા તથા તપાસના પુરાવાઓ અંગે મજબૂત દલીલો રજૂ કરવામાં આવતા કોર્ટે જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં સરકાર પક્ષ તરફથી સરકારી વકીલ જે. કે. ભંડેરી તેમજ મૂળ ફરિયાદી તેમજ ઈજા પામનારના વકીલ તરીકે નિખિલ બી. બુદ્ધભટ્ટી, પાર્થ ડી. સામાણી અને સમર્થ આર. વેકરીયા હાજર રહ્યા હતા.

# જામનગર જિલ્લા જેલ મોબાઈલ કાંડમાં ત્રણેય આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતા જેલ હવાલે

જામનગર : જામનગર જિલ્લા જેલમાં ગેરકાયદેસર રીતે મોબાઈલ ફોનના ઉપયોગના રેકેટ મામલે નોંધાયેલા ગુનામાં સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડેલા પાંચ આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં તેમને ફરી ન્યાયિક કસ્ટડી હેઠળ જેલ હવાલે કરવામાં આવ્યા છે, જ્યારે બે આરોપીઓને અદાલત દ્વારા જામીન મળતા તેઓ જામીનમુક્ત થયા છે.

ઉલ્લેખનીય છે કે, જામનગર જિલ્લા જેલમાંથી બિનઅધિકૃત મોબાઈલ ફોન મળી આવ્યા બાદ સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા તથા પ્રિઝન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ત્યારબાદ ગુનાની વધુ તપાસ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એ. ધાસુરા તથા તેમની ટીમે ટેક્નિકલ પુરાવા, કોલ ડિટેઈલ રેકોર્ડ અને અન્ય વૈજ્ઞાનિક તપાસના આધારે આરોપીઓની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન સમગ્ર મોબાઈલ રેકેટ અંગે મહત્વપૂર્ણ વિગતો સામે આવી હતી.

હાલમાં મોઇન ઉમરભાઈ સફિયા, દિલીપ દિનેશભાઈ પરમાર અને સુરેશ મંગળભાઈ વાઘેલાના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં તેમને ફરી જેલ હવાલે કરવામાં આવ્યા છે. જ્યારે ઈમ્તિયાઝ રહેમતુલ્લા મુદ્રાક અને જાફર ઉમરભાઈ બુચડ (સચાણા)ને અદાલત દ્વારા જામીન મળતા તેઓ જામીનમુક્ત થયા છે. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.એ. ધાસુરાના માર્ગદર્શન હેઠળ સમગ્ર મોબાઈલ રેકેટમાં અન્ય કોઈ કેદી અથવા બહારના શખ્સોની સંડોવણી છે કે કેમ તે દિશામાં ટેક્નિકલ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ હજુ પણ ચાલુ છે.

# જામનગરમાં સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ કરનાર આરોપીની જામીન અરજી નામંજૂર

જામનગર : જામનગર જિલ્લાના બેડી મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા સગીરા પર દુષ્કર્મના ગંભીર ગુનામાં આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે.

કેસની હકીકત મુજબ, બેડી મરીન પોલીસ સ્ટેશન હદના એક ગામમાં રહેતી સગીરા સાથે આરોપી રવિન્દ્ર ઉર્ફે રવી નાથાભાઈ નકુમ (રહે. નવાનગર ગામ)એ ઓળખાણનો લાભ લઈ લગ્ન કરવાની લાલચ આપી અને ડર-ધમકી આપીને તેની મરજી વિરુદ્ધ અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. વધુમાં, આ અંગે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે.

આ ઘટનાના પરિણામે સગીરા ગર્ભવતી બનતા સમગ્ર બનાવ બહાર આવ્યો હતો. ત્યારબાદ સગીરાની માતાએ બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો તેમજ પોક્સો અધિનિયમની કલમ ૪, ૬ અને ૧૨ હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

ગુનો નોંધાયા બાદ પોલીસે આરોપી રવી નકુમની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. ત્યારબાદ આરોપી તરફથી જામનગર સેશન્સ કોર્ટમાં નિયમિત જામીન અરજી કરવામાં આવી હતી.

જામીન અરજીની સુનાવણી દરમિયાન મૂળ ફરિયાદી સગીરાની માતા તરફથી તેમના વકીલ મારફતે અરજીનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ જામનગર સેશન્સ કોર્ટના ન્યાયાધીશે ગુનાની ગંભીરતા અને કેસની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોપીની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં મૂળ ફરિયાદી તરફે વકીલ ધર્મેશ એમ. ગોંડલીયા, વકીલ રવિરાજસિંહ સોઢા, તથા અનિતા સી. રામવાણી હાજર રહ્યા હતા, જ્યારે સરકાર પક્ષ તરફથી સરકારી વકીલ જમન ભંડેરીએ વિસ્તૃત દલીલો રજૂ કરી હતી.

# ૧૪૯મી ભગવાન જગ્ગનાથજી રથયાત્રા પૂર્વે અમદાવાદમાં જોવા મળી કોમી એકતાની મિશાલ

## રથયાત્રા પહેલા મુસ્લિમ સમાજે જગન્નાથ મંદિર જઈને અર્પણ કર્યો સોનાવરખી ચાંદીનો રથ

અમદાવાદ,

આવનારી તા. ૧૬ જુલાઈએ યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે ત્યારે અમદાવાદ શહેરમાં કોમી એકતા અને સૌહાર્દનો એક અદ્ભુત નમૂનો સામે આવ્યો છે. રથયાત્રા એ પોતે જ સમગ્ર સમાજને એક સૂત્રમાં બાંધતું પર્વ છે, અને આ વર્ષે પણ હિંદુ-મુસ્લિમ સમાજ તથા પોલીસ વહીવટીતંત્ર દ્વારા સુમેળ જળવાઈ રહે તે માટે તમામ જરૂરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પૃષ્ઠભૂમિમાં અમદાવાદના જાણીતા સામાજિક કાર્યકર રઉફ બંગાળીએ જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ (દિલદારજી મહારાજ)ને ચાંદીનો અતિ સુંદર રથ અર્પણ કરીને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવી છે.

વર્ષ ૨૦૦૨ પછી શરૂ થયેલી અનેરી પરંપરા રથ અર્પણ કરતાં રઉફ બંગાળીએ જણાવ્યું હતું કે, "દર વર્ષની માફક આ વર્ષે પણ મુસ્લિમ સમાજ તરફથી દિલીપદાસજી મહારાજને ચાંદીનો રથ આપવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા કમનસીબ રમખાણ પછી કોમી એકતા જળવાઈ રહે અને બે સમાજ વચ્ચેનું અંતર ઓછું થાય તે શુભ હેતુથી અમે આ સેવા શરૂ કરી હતી."તેમણે ઉમેર્યું કે આજે આ પરંપરાને ૨૩ વર્ષથી વધુ સમય થઈ ગયો છે અને તે દર વર્ષે મોટા ભાવ સાથે નિભાવવામાં આવે છે. રઉફ બંગાળીનું કહેવું છે કે, "આ કોઈ સામાન્ય ભેટ નથી, પરંતુ એકતાનું રથ છે, જે સમાજને જોડવાનું કામ કરે છે."૩૦૦ ગ્રામ ચાંદીમાં દેશભક્તિ અને કારીગરીનો સંગમ

આ વર્ષનો રથ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. રઉફ બંગાળીએ વિગતો આપતા જણાવ્યું કે, "આ રથ આશરે ૩૦૦ ગ્રામ ચાંદીનો બનેલો છે અને પહેલી વખત તેના પર ૫ ગ્રામ સોનાના બારાક્ષ (સોનેરી વરખ) ચડાવવામાં આવ્યા છે." રથમાં ત્રણ સુંદર ઘોડા કોતરવામાં આવ્યા છે અને આખી ડિઝાઈનને ખૂબ જ કલાત્મક રીતે તૈયાર કરવામાં આવી છે.

ચાંદીની ચમક પર સોનાનો વરખ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વને સાકાર કરે છે. તેમણે ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે "આવતા વર્ષે રથયાત્રાનો ૧૫૦મો સ્થાપના મહોત્સવ છે, જેને લઈને અમે કંઈક અનોખો અને યાદગાર રથ અર્પણ કરવાનું વિચારી રહ્યા છીએ, જે સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બનશે."

# ચાંદીપુરા વાયરસના નિયંત્રણ માટે રાજ્યના ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાંધીનગર સાથે સંકલનમાં રહેવા સૂચના

## આરોગ્ય તંત્રને દવાઓ, ફોગિંગ અને સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા અપાયા આદેશ

ગાંધીનગર,

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસોને પગલે આરોગ્ય વિભાગ વધુમાં વધુ કાર્યક્ષમતા સાથે સતત કામગીરી કરી રહ્યું છે. ચાંદીપુરા વાયરસની હાલની સ્થિતિ અંગેની સમીક્ષા કરવા માટે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ રાજ્યમાં આ વાયરસના નિયંત્રણ, દર્દીઓની સારવાર અને સર્વેલન્સની કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના સચોટ નિદાન માટે લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. કુલ ૨૭ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૧૯ નમૂનાના પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જેમાંથી ૭ પોઝિટિવ અને ૧૨ નેગેટિવ આવ્યા છે. જ્યારે બાકી રહેલા ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું બાકી છે, જે આજે સાંજ સુધીમાં આવી જશે.

ચાલુ વર્ષે ચાંદીપુરા વાયરસના કારણે કુલ ત્રણ પોઝિટિવ બાળકોના દુઃખદ મૃત્યુ થયા છે, જે અંગે મંત્રીશ્રીએ બેઠકમાં દુઃખ વ્યક્ત કરીને હવે રાજ્યમાં એકપણ બાળકનું ચાંદીપુરા વાયરસના કારણે મૃત્યુ ન થાય તે અંગે સઘન કાળજી લેવા આરોગ્ય તંત્રને તાકીદ કરી હતી. આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા ઇન્ડિયન મેડિકલ એસોસિએશન-IMAની મદદ લઈને રાજ્યના તમામ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાઈડલાઈન જાહેર કરી ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા જણાવાયું છે. નાના સેન્ટરો અને ખાનગી ક્લિનિક ચલાવતા ડૉક્ટરોને પણ સૂચના આપવામાં આવી છે કે, જો આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો પ્રાથમિક સારવાર બાદ સમય બગાડ્યા વિના બાળકને ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ધરાવતી મોટી હોસ્પિટલોમાં તુરંત જ દાખલ કરવામાં આવે, જેથી બાળકની કિંમતી જિંદગી બચાવી શકાય. આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં રાજ્યના જે ૬૧ સ્થળો પરથી ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા હતા, તે તમામ સ્થળો પર આરોગ્ય વિભાગની ટીમો દ્વારા દવાનો છંટકાવ અને લોકજાગૃતિના કાર્યક્રમો યુદ્ધના ધોરણે પૂર્ણ કરી લેવામાં આવ્યા છે. જૂના આ ૬૧ સ્થળોમાંથી એક પણ જગ્યાએ નવો કેસ રિપીટ થયો નથી. જે નવા વિસ્તારોમાં દર્દીઓ મળી આવ્યા છે, ત્યાં પણ પ્રશાસન દ્વારા તુરંત જ ફોગિંગ, સેન્ડફ્લાય માખીના નાશ માટે સ્પ્રે અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. વાયરસના ફેલાવાને રોકવા માટે રાજ્યના નાનામાં નાના આરોગ્ય કેન્દ્ર સુધી દવાનો પૂરતો જથ્થો અને જરૂરી તબીબી પુરવઠો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે.

# ધ્રોલમાં સગીરાનું અપહરણ કરી અનેકવાર દુષ્કર્મ ગુજારનાર આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

## ડીએનએ રિપોર્ટમાં આરોપી જ ગર્ભસ્થ બાળકનો જૈવિક પિતા હોવાનું સામે આવ્યું હતુ : ભોગ બનનારને રૂપિયા ચાર લાખનું વળતર આપવા આદેશ

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલની એક સગીરાને ઈન્સ્ટાગ્રામ મારફતે પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચરવાના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ઉપરાંત ભોગ બનનારને રૂ. ૪ લાખ વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ફરિયાદીની ૧૬ વર્ષની સગીર પુત્રીને ધ્રોલના બાબુ રાયમલભાઈ જખાનિયા નામના ૨૧ વર્ષના યુવાનએ ઈન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી ઓળખાણ કેળવી હતી. ત્યારબાદ ફોન પર સતત વાતચીત કરીને સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપી સગીરાને ધ્રોલથી રાજકોટ અને ત્યારબાદ સુરત લઈ ગયો હતો, જ્યાં ભાડાના રૂમમાં રાખી તેની સાથે અનેક વખત શરીર સંબંધ બાંધ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં ભોગ બનનારના પિતાએ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) તેમજ પોક્સો અધિનિયમની કલમ ૪ અને ૬ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. તપાસ પૂર્ણ થયા બાદ કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં પોક્સો કેસ નં. ૬૨/૨૦૨૪ તરીકે ચાલ્યો હતો.

સુનાવણી દરમિયાન સરકાર પક્ષે ૯ સાક્ષીઓ અને ૭૨ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. સરકારી વકીલ ભારતી વાદીએ દલીલ કરી હતી કે આરોપી પરણિત હોવા છતાં તેણે સગીરાને પાંચ માસનો ગર્ભ રાખી દીધો હતો. ડીએનએ રિપોર્ટમાં આરોપી જ ગર્ભસ્થ બાળકનો જૈવિક પિતા હોવાનું સાબિત થયુ હતું.

રજૂ થયેલા પુરાવા અને સરકાર પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી સ્પેશિયલ પોક્સો કોર્ટના ન્યાયાધીશ આર.પી. મોગેરાએ પોક્સો અધિનિયમની કલમ ૪ હેઠળ આરોપીને ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૧૦,૦૦૦ દંડ, જ્યારે પોક્સો અધિનિયમની કલમ ૬ હેઠળ ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫,૦૦૦ દંડની સજા ફટકારી હતી. દંડની રકમ ન ભરાય તો વધુ ૬ માસની સખત કેદ ભોગવવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોર્ટે ભોગ બનનારને વળતર પેટે રૂ. ૪ લાખ ચૂકવવાનો આદેશ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે વિશેષ સરકારી વકીલ ભારતી વાદીએ સફળતાપૂર્વક રજૂઆત કરી હતી.

# ખંભાળિયામાં બાઈક ઉપર સ્ટંટ કરતા ચાર શખ્સની પોલીસે 'રફ્તાર' થંભાવી દીધી


તસ્વીર : નિરજ દત્તાણી

ખંભાળિયા : સ્ટંટબાજો સામે પોલીસ દ્વારા એકસન તો લેવામાં આવે છે પરંતુ કોઈ ખાસ કડક કાર્યવાહી નહીં કરવામાં આવતા ફરીથી અવનવા પેતરા અજમાવતા હોઈ છે તેવામાં ખંભાળિયા ખાતે જાહેર રોડ ઉપર બાઈક પૂરઝડપે ચલાવી સ્ટંટ કરતા ચાર શખ્સને પોલિસે પકડી પાડ્યા હતા.

હાલમાં કેટલાક છપરીઓ પોતાનું વાહન પૂરઝડપે ચલાવી અન્ય લોકોના જીવ સાથે ચેડા કરતા નીકળતા હોવાની જાણે ફેશન ના હોઈ તેમ જતા હોય છે. તેવામાં ખંભાળિયા ટ્રાફિક પોલીસ હરકતમાં આવી હતી અને આવા સ્ટંટબાજોનો વીડિયો વાયરલ થતા જુદી - જુદી ટીમ બનાવી બાઈક ઉપર સડસડાટ નીકળી સ્ટંટ કરતા ચારને આખરે ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું. જોકે પોલીસે કોઈની શેહ-શરમ વગર બરાબર સબક સિખવાડવો જોઈએ નહીતર આવા સ્ટંટબાજોની રફતાર થંભસે નહીં તેવી બુદ્ધિજીવી વર્ગની માંગણી છે.

# જામનગરમાં બાંધણીની દુકાનમાં કામ કરતા કર્મચારીનું હૃદય બંધ પડી જતા મૃત્યુ

જામનગર : જામનગર શહેરના દરબારગઢ સર્કલ વિસ્તારમાં આવેલી ભાવીક બાંધણી નામની દુકાનમાં કામ કરતા એક કર્મચારીનું અચાનક તબિયત બગડતા હૃદયબંધ થઈ જવાથી કરુણ મૃત્યુ નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના બરદાનવાલા કોમલેક્સમાં રૂમ નં. ૧૦૮ રહેતા અને દરબારગઢ સર્કલ ખાતે આવેલી ભાવીક બાંધણી દુકાનમાં કામ કરતા પારસભાઈ રજનીકાંતભાઈ શેઠ (ઉ.વ.૫૨)ને ગત તા. ૯ જુલાઈના રોજ સાંજના સમયે ફરજ દરમિયાન અચાનક જમીન પર ઢળી પડ્યા હતા. તેઓ બેભાન થઈ જતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે દુકાનના સંચાલક ભાવીકભાઈ ત્રિલોકભાઈ સોલાણી (રહે. વાલકેશ્વરીનગરી, અમર રેસિડેન્સી, જામનગર) દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા સિટી 'એ' ડિવિઝન પોલીસે મૃતદેહનો કબ્જો સાંભળી

વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક માહિતી મુજબ, પારસભાઈનું મૃત્યુ હૃદયબંધ (કાર્ડિયાક અરેસ્ટ) થવાને કારણે થયું હોવાનું સામે આવ્યું છે. જોકે મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે. ઘટનાને પગલે પરિવારજનો તેમજ ઓળખીતાઓમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# લાલપુર નજીક ખડખંભાળિયા ડેમમાં ન્હાવા ઉતરેલ ત્રણ યુવાનો ડૂબતા એકનું મૃત્યુ, બેનો બચાવ



જામનગર : લાલપુર તાલુકાના ચાંદનગર નજીક આવેલા ખડખંભાળિયા ડેમમાં ન્હાવા ઉતરેલા જામનગરના એક યુવાનનું ડૂબી જતાં કરુણ મૃત્યુ નિપજ્યું હતું, જ્યારે તેની સાથે આવેલા તેનાજ પિતરાઈ ભાઈ સહિત અન્ય બે યુવાનોને સ્થાનિકોએ બચાવી લીધા છે. કાલાવડ ફાયરની ટીમે પાણીમાંથી મૃતદેહને શોધી કાઢી પોલીસને સુપ્રત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, જામનગરના દિગ્વિજય પ્લોટ-૪૯ વિસ્તારમાં આવેલા નહેરુનગર, શેરી નં. ૧૧માં રહેતા રાકેશ મહેન્દ્રભાઈ બગડા (ઉ.વ. ૨૧), અને તેનોજ પિતરાઈ ભાઈ જયદીપ ગિરધરભાઈ બગડા (ઉ.વ. ૨૦) તથા સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા નિકુંજ કરણભાઈ રાઠોડ (ઉ.વ. ૧૭) રવિવારે લાલપુર તાલુકાના ખડખંભાળિયા ગામે આવેલા પ્રખ્યાત પાણીના ધોધની મુલાકાતે ગયા હતા. જ્યાં હાલ ધોધ વરસાદના અભાવે બંધ છે દરમિયાન ત્રણેય મિત્રો નજીક આવેલા ખડખંભાળિયા ડેમ પર ન્હાવા માટે પાણીમાં ઉતર્યા હતા.

દરમિયાન તેઓ ઊંડા પાણીમાં જતાં ડૂબવા લાગ્યા હતા. જેથી સ્થાનિકોના સહયોગથી જયદીપ અને નિકુંજનો સુરક્ષિત બચાવ કરવામાં આવ્યો હતો, પરંતુ રાકેશ મહેન્દ્રભાઈ બગડા ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તેમજ લાલપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ મનહરસિંહ જાડેજા તેમની ટિમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી જઈ પાણીમાં ડૂબી ગયેલા રાકેશને શોધવા માટે કાલાવડ ફાયર બ્રિગેડની મદદ લીધી હતી. જેમાં ભારે શોધખોળ બાદ રાકેશનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ બનાવથી પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

પ્રાથમિક માહિતી મુજબ, ત્રણેય મિત્રોમાંથી કોઈને પણ સારી રીતે તરતા આવડતું ન હોવા છતાં તેઓ ડેમમાં ઉતર્યા હોવાનું જાણવા મળ્યું છે. હાલ લાલપુર પોલીસે અકસ્માત મોત અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. ચોમાસાની ઋતુમાં ખડખંભાળિયા ધોધ અને ડેમ ખાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડતા હોવાથી પાણીના ઊંડાણ અને પ્રવાહને ધ્યાનમાં રાખી સાવચેતી રાખવા તંત્ર દ્વારા પણ અપીલ કરવામાં આવી રહી છે.

# દ્વારકાના વરવાળા ગામે દુકાનમાંથી ૫૫ હજારની રોકડ ચોરી જતા તસ્કરો

દ્વારકા : દ્વારકા તાલુકાના વરવાળા ગામે હાઈવે રોડ ઉપર આવેલ એન્જિનિયરિંગની દુકાનમાં બે દિવસ પહેલા રાત્રિના સમયે તસ્કરો ખાબકી અડધો લાખ ઉપરાંતની રોકડ રકમની ચોરી કરી લઈ જતા દુકાનમાલિકે સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ દ્વારકા તાબેના વરવાળા ગામમાં રહેતા વિનોદભાઈ ભીમજીભાઈ ગોહેલની ગામમાં ઓખા હાઈવે પર સરકારી આરોગ્ય કેન્દ્રની સામે આવેલ ગોહેલ એન્જિનિયરિંગ નામની દુકાનમાં ગત તા. ૧૧ ના રોજ રાત્રિના સમયે કોઈ તસ્કરો ત્રાટકી ટેબલના ખાનાનો લોક તોડી તેમાંથી રૂ. ૫૫ હજારની રોકડ રકમની ચોરી કરી લઈ ગયાની તેઓએ દ્વારકા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પી. એસ. આઈ. આર. એલ. ચોપડા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને અજાણ્યા તસ્કરો સામે ગુન્હો દાખલ કરી ઝડપી લેવા ચારેતરફ દોડધામ શરૂ કરી છે.

# ખંભાળિયાના સોડસલા પાસે ગેરકાયદેસર રેતીનું વહન કરતા ત્રણ ટ્રેક્ટર ઝડપાયા


તસ્વીર : નિરજ દત્તાણી

ખંભાળિયા : ખંભાળિયા પંથકમાંથી ચોક્કસ બાતમીના આધારે એલસીબી પોલીસે વોચ ગોઠવી ગેરકાયદેસર રેતી ભરી લઈ જવામાં આવતા ત્રણ તેમજ નદીના પટ્ટમાંથી એક એમ ચાર ટ્રેક્ટર દરોડા દરમિયાન કબ્જ કરી ખાણ - ખનીજ વિભાગને જાણ કરવામાં આવી હતી

પ્રાપ્ત માહિતી પ્રમાણે ખંભાળિયા તાલુકાના સોડસલાથી વિસોત્રી ગામ તરફ જતા રસ્તેથી ગેરકાયદેસર રેતી ભરી લઈ જતા ત્રણ ટ્રેક્ટરને જિલ્લાની એલસીબી પોલીસે અટકાવ્યા હતા દરમિયાન કોઈપણ પ્રકારની સરકારી મંજૂરી વગર ટ્રેક્ટરોમાં રેતી ભરી લઈ જવામાં આવતી હોય આથી જી.જે. ૧૦. એમ. ૨૫૮૬, જી. જે. ૩૭. બી. ૮૭૨૮, જી.જે. ૩૭ બી. ૩૯૪૭ નંબરના કુલમળી આશરે ૮ ટન રેતી ભરેલ તેમજ નદીના પટ્ટમાંથી એક ખાલી એમ ચાર ટ્રેક્ટર ઝડપી પાડ્યા હતા અને ખાણ - ખનીજ વિભાગને કાયદેસરની કાર્યવાહી કરવા માટે અલગથી રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

# વસઈ પાસે રોડ ક્રોસ કરતી કિશોરીને ઈનોવા કારે હડફેટે લેતા સારવારમાં મોત નીપજ્યું

જામનગર : જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર વસઈ ગામ પાસે વધુ એક હિટ એન્ડ રન નો બનાવ બન્યો છે. માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી ૧૩ વર્ષની કિશોરીનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજતાં સિક્કા પોલીસ સ્ટેશનમાં ઈનોવા કારના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રહેવાસી અને હાલ વસઈ ગામે મજૂરી કામ કરતા અનિલભાઈ ગુમાનભાઈ મકવાણાની ૧૩ વર્ષની પુત્રી રાધા તા. ૩૦ જૂનના રોજ સાંજે વસઈ ગામે ચોકલેટના કારખાના નજીક રોડ ક્રોસ કરી રહી હતી. તે દરમિયાન પૂરપાટ અને બેદરકારીપૂર્વક ચલાવવામાં આવી રહેલી ઈનોવા કાર (રજિસ્ટ્રેશન નં. જીજે-૩૭-એબી-૧૬૪૮)એ તેને અડફેટે લીધી હતી.

આ અકસ્માતમાં રાધાના માથામાં ગંભીર ઈજા તેમજ શરીરે અન્ય ઈજાઓ થતાં તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં આઈસીયુમાં તેની સારવાર ચાલી રહી હતી. જ્યાં, તા. ૭ જુલાઈના તેનું મૃત્યુ નિપજ્યું હતું.

મૃતકના પિતા અનિલભાઈ મકવાણા તે સમયે પોતાના વતન મધ્યપ્રદેશમાં હોવાથી ઘટનાની જાણ થતાં જામનગર આવ્યા હતા. પુત્રીના પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહને અંતિમવિધિ માટે વતન લઈ જવામાં આવ્યો હતો. અંતિમવિધિ પૂર્ણ કર્યા બાદ તેઓ સિક્કા પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ઈનોવા કારના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ઈનોવા કારના ચાલક સામે અકસ્માતે મોત નિપજાવવા સંબંધિત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં બે યુવતીઓ રહસ્યમય રીતે ગુમ થઈ જતા પરિવારજનો ચિંતિત





જામનગર : જામનગર શહેરના બે અલગ-અલગ વિસ્તારોમાંથી બે મહિલાઓ રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતાં તેમના પરિવારજનો દ્વારા સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. પોલીસે બંને બનાવોમાં ગુમ થયાની નોંધ નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.

પ્રથમ બનાવમાં રણજીત સાગર રોડ પર આવેલી ગોકુલ દર્શન સોસાયટી, ગેટ નં. ૩, સાઈબાબા મંદિર પાસે રહેતા પ્રિયંકભાઈ વલ્લભભાઈ વરીયાએ પોલીસને જાણ કરી હતી કે તેમના પરિવારની મહિલા બ્યુટી પાર્લરમાં જવાનું કહી ઘરેથી નીકળી હતી, પરંતુ ત્યારબાદ પરત ફરી ન હતી. પરિવારજનોએ તમામ સંભવિત સ્થળોએ શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી છે.

જ્યારે બીજા બનાવમાં કાના નગર, આશાપુરા મંદિર પાછળ રહેતા નયનાબેન સુંદરભાઈ નામના ૫૦ વર્ષના ભાનુશાળી પરિવારના મહિલા દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી કે તેમના પરિવારની યુવતી કોઈને કંઈ જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી. સગા-સંબંધીઓ તથા ઓળખીતાઓમાં શોધખોળ કરવા છતાં કોઈ માહિતી ન મળતા સિટી 'એ' ડિવિઝન પોલીસમાં ગુમ થયાની નોંધ નોંધાવવામાં આવી છે. બંને બનાવોમાં સિટી 'એ' ડિવિઝન પોલીસે ગુમ નોંધ દાખલ કરી મહિલાઓની શોધખોળ હાથ ધરી છે.

# કાલાવડના મોટા ભાડુકિયા ગામે ડિગ્રી વગર દવાખાનું ચલાવતો ડોક્ટર ઝડપાયા

## એલોપેથી દવાઓ, મેડિકલ સાધનો સહિત રૂપિયા ૧૭૯૮૬નો મુદ્દામાલ કબજે



જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા ભાડુકિયા ગામમાં કોઈપણ પ્રકારની મેડિકલ ડિગ્રી વિના ગેરકાયદેસર રીતે દવાખાનું ચલાવતા એક શખ્સને કાલાવડ ગ્રામ્ય પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર જિલ્લા પોલીસ વડા ડૉ. રવિ મોહન સૈની તેમજ જામનગર ગ્રામ્ય વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક વી.કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ બોગસ ડોક્ટરો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તે અંતર્ગત કાલાવડ ગ્રામ્ય પોલીસ ઈન્સ્પેક્ટર એન.વી. આંબલિયાના માર્ગદર્શન હેઠળ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે મોટા ભાડુકિયા ગામમાં પ્રવીણભાઈ હીરપરા કોઈપણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે દવાખાનું ચલાવે છે. તેવી બાતમીના આધારે નીકાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફાર્માસિસ્ટ મોહનલાલ માવજીભાઈ ઠેસિયાની હાજરીમાં પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. જ્યાં પ્રવીણભાઈ પરસોતમભાઈ હીરપરાને ઝડપી લઈ તેમની પાસેથી અલગ-અલગ કંપનીની એલોપેથી દવાઓ, મેડિકલ સાધનો અને રોકડ મળી કુલ રૂપિયા ૧૭,૯૮૬નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

આ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫ તેમજ મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ, ૧૯૬૩ની કલમ ૩૦ અને ૩૩ મુજબ ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જોડિયાના પીઠડ ગામે પ્રેમલગ્નનો ખાર રાખી પુત્ર અને પુત્રવધૂનો પરિવાર પર હુમલો

## માતાને ટાંકા આવ્યા, પિતાને હાથમાં ફ્રેક્ચર, ગર્ભવતી પુત્રવધૂ અને નાના ભાઈને પણ માર માર્યો

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પીઠડ ગામે પ્રેમલગ્નનો ખાર રાખી સગા દીકરા અને તેની પત્નીએ માતા-પિતા સહિત પરિવારના સભ્યો પર હુમલો કર્યો હતો. જેમાં માતા-પિતા તેમજ અન્ય પુત્ર અને તેની ગર્ભવતી પત્ની ઈજાગ્રસ્ત થતા તમામને હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યારે હુમલાખોર પુત્ર અને તેની પત્ની બનાવ બાદ નાશી ગયા હતા.

પ્રાપ્ત માહિટલી મુજબ જોડિયા તાલુકાના પીઠડ ગામે રહેતા સવિતાબેન રમેશભાઈ અઘારિયાનો નાનો દીકરો કિશન કે જેણે આશરે સાત મહિના પહેલાં મીરાબેન નામની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. કિશન તેની પત્ની મીરાબેન સાથે ધ્રોળ રહેતો હોવાથી તેની ઘરવખરીનો થોડો સામાન પીઠડ સ્થિત માતા-પિતાના ઘરે પડ્યો હતો. તા. ૧૨ જુલાઈની રાત્રે કિશન, તેની પત્ની મીરાબેન, સાસુ સવિતાબેન તેમજ ફરિયાદી પરિવારના ઘરે સામાન લેવા આવ્યા હતા. તે દરમિયાન ફરિયાદીનો બીજો દીકરો સુનિલ અને તેની પત્ની પીન્ટુબેન ત્યાં આવી પહોંચ્યા હતા. પ્રેમલગ્નનો ખાર રાખી બંનેએ કિશન અને તેની પત્નીને ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો.

જેથી માતા-પિતા વચ્ચે પડી સમજાવવા જતાં સુનિલે હાથમાં રહેલી કુહાડીના ઊંધા ઘા પોતાની માતા સવિતાબેનના કપાળ અને ડાબા કાન પાસે માર્યા હતા. પીન્ટુબેને લાકડાના ધોકાથી ફરિયાદીના પતિ રમેશભાઈના જમણા હાથમાં ઘા મારતા તેમને ફ્રેક્ચર થયું હતું. ઝઘડો દરમિયાન કિશનને પણ ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો, જ્યારે છોડાવવા વચ્ચે પડેલી ગર્ભવતી મીરાબેન ઝપાઝપીમાં નીચે પડી જતાં તેના પેટના ભાગે સામાન્ય ઈજા પહોંચી હતી.

બુમાબુમ થતાં બંને આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ભાગી ગયા હતા. જ્યારે ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રાથમિક સારવાર માટે ધ્રોલ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે સવિતાબેન આઘારીયાએ ફરિયાદ નોંધાવતા પોલીસે સુનિલ અને તેની પત્ની પીન્ટુબેન વિરુદ્ધ મારામારી, ધમકી તથા અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં દારૂના બે દરોડમાં ૮૨ ચપટા સાથે ત્રણ આરોપીઓ ઝડપાયા

જામનગર : જામનગર શહેરમાં પ્રોહિબિશન કાયદાના અસરકારક અમલ દરમિયાન અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. બંને કાર્યવાહી દરમિયાન કુલ કુલ ૮૬,૮૪૫ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

જામનગરના સમ્રાટ અશોકનગર નજીક પંડિત દીનદયાલ આવાસ પાસે એક્ટિવા પર ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ લઈ જતા જાવીદભાઈ જમાલભાઈ ખુંભીયાને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ૩૫ દારૂના ચપટા તથા એક્ટિવા મળી કુલ ૫૦,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

જ્યારે બેડી બંદર રિંગ રોડ પર નાયરા પંપ નજીક આશિષ સુરેશભાઈ કવા અને નિમેષ શાંતીલાલ નિમાવતને ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂના ૪૭ ચપટા તથા મોટરસાયકલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. અને તેઓ પાસેથી કુલ ૩૬,૩૪૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

બંને બનાવોમાં ત્રણેય આરોપીઓ સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# દ્વારકાના ધ્રાસણવેલ ગામે દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ : સંચાલક નાસી ગયો



દ્વારકા : દ્વારકા પંથકના ધ્રાસણવેલ ગામમાં ચોક્કસ બાતમીના આધારે એલસીબી પોલીસે દરોડો પાડી દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી પકડી પાડી સ્થળપરથી રૂ. ૨૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ સંચાલક નાસી જતા ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના ધ્રાસણવેલ ગામની મગદેરની સામે જતા રોડ પર આવેલા સરકારી તળાવની પાળ પાસે જિલ્લા એલસીબી પોલીસે દરોડો પાડી પીવાનો દેશી દારૂ તથા કાચો આથો અને દારૂ ઉકાળવાના સાધનો સહિત કુલમળી રૂ. ૨૧૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને દરોડા દરમિયાન હરભમભા ગમલાભા માણેક નામનો શખ્સ હાજર નહીં મળી આવતા તેની સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી શોધખોળ હાથ ધરી છે.